
# ધોરણ - 3 English

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN301 ટૂંકી પરિચિત વાર્તા સાંભળી પ્રવૃત્તિ કરે છે. | • ચિત્ર વાર્તાઓ<br>• વયકક્ષા અનુસાર ટૂંકી વાર્તાઓ | • શિક્ષક સહાયક સામગ્રી જેવી કે ચિત્રો, કાર્ડ્સ વગેરેની મદદથી ટૂંકી પરિચિત વાર્તા સંભળાવશે.<br>• યોગ્ય આરોહ, અવરોહ અને અભિનયનો શિક્ષક ઉપયોગ કરશે.<br>• વાર્તાના વાક્યોની ચિઠ્ઠી બનાવી વિદ્યાર્થીઓ પાસે ક્રમ મુજબ રજૂ કરાવશે.<br>દા.ત.<br>❖ વિદ્યાર્થી 1: વાર્તાનું પ્રથમ વાક્ય બોલશે.<br>❖ વિદ્યાર્થી 2: વાર્તાનું બીજું વાક્ય બોલશે. |
| EN302 ટૂંકી સૂચનાઓ સાંભળી તેનો પ્રતિભાવ આપે છે. | • સૂચનાઓ<br>• Action words | • શિક્ષક સૂચના આપી તેની સાથે એક વખત પોતે ક્રિયા કરી બતાવશે.<br>e.g.<br>❖ 'Stand up' સૂચના આપી પોતે ઊભા થાય<br>❖ 'Sit down' ની સૂચના સાથે પોતે નીચે બેસે.<br>• ત્યારબાદ વિદ્યાર્થીઓને સૂચના આપી તે મુજબની ક્રિયા વિદ્યાર્થીઓ પાસે જૂથમાં અને વ્યક્તિગત કરાવશે.<br>• આ ક્રિયાઓનું પુનરાવર્તન કરાવશે. |
| EN303 સ્થળ, વસ્તુની વિગત સાંભળે અને સમજે છે. | • Information about place and objects<br>• Inversion questions<br>• (Is it.....?<br>• Who is...?)<br>• Questions beginning with Who, What... | • શિક્ષક પરિચિત સ્થળ અને વસ્તુઓની વિગતો ફ્લેશ કાડર્સ દ્વારા વિદ્યાર્થીઓ સમક્ષ રજૂ કરશે.<br>• Inversion questions પૂછશે.<br>e.g.<br>❖ Teacher: (showing hospital's card) Is it a hospital?<br>❖ Student: Yes, It is.<br>❖ Teacher: (showing doctor's flash card) Is he a teacher?<br>❖ Student: No, he isn't. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | ❖ Teacher: Who is he?<br>❖ Student: He is a doctor. |
| EN304 વસ્તુના વર્ણનના આધારે સાંભળીને વસ્તુને ઓળખે છે. | • Size, Shape, Colour | • શિક્ષક વિવિધ વસ્તુઓનું વર્ણન તેનાં કદ,આકાર, રંગ અને ઉપયોગને આધારે કરશે.<br>• પ્રશ્નોત્તરી દ્વારા વિદ્યાર્થીઓ પાસે સાચા જવાબો કઢાવશે.<br>• આ કાર્ય વિદ્યાર્થીઓને pair work માં આપશે.<br>❖ Teacher: It is a fruit.<br>It is round in shape. Its colour is red.<br>❖ Student: An Apple. |
| EN305 દૈનિક અભિવાદન કરે છે. અને તેનો પ્રતિભાવ આપે છે. | • અભિવાદન- પ્રતિભાવ<br>• Greeting and response | • શિક્ષક પરિસ્થિતિ/ સમયને અનુરૂપ Hi, Hello, Good morning, Good afternoon, How are you? વગેરેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓનું અભિવાદન કરશે.<br>• વિદ્યાર્થીઓ Hi, Hello, Good morning, Good aftrnoon, Fine, Thank you, વગેરેથી પ્રતિભાવ આપશે.<br>• વિદ્યાર્થીઓને Pair work માં અભિવાદન અને પ્રતિભાવની પ્રવૃત્તિ કરાવશે.<br>• વિવિધ અભિવાદનનો રોજિંદા વ્યવહારમાં ઉપયોગ કરવા કહેશે. |
| EN306 સૂચના મુજબ પ્રતિભાવ આપે છે. | • Instruction and response<br>• Body Parts | • શિક્ષક અન્ય શિક્ષક કે સિનિયર વિદ્યાર્થીઓની મદદથી વિનંતી સંલગ્ન સંવાદ પ્રસ્તુત કરી શ્રવણનો મહાવરો આપશે.<br>❖ Teacher: Please come here. (શિક્ષક અથવા વિદ્યાર્થી ત્યાં જશે.)<br>❖ Teacher: Please give me your pen. (શિક્ષક અથવા વિદ્યાર્થી પેન આપશે.)<br>❖ Teacher: Thank you.<br>❖ Student: You are welcome. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | • આ પ્રવૃત્તિ જૂથમાં કરાવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને body parts ઓળખી બતાવવાની પ્રવૃત્તિ કરાવશે. |
| EN307 ઉલટ પ્રશ્નો (inversion questions) ના ટૂંકા જવાબ આપે છે. | • Graphical presentation<br>• Inversion questions and short answer | • શિક્ષક am/is/are/shall/will વગેરેનો ઉપયોગ કરી વિદ્યાર્થીઓને inversion questions પૂછી yes/no માં જવાબ મેળવશે.<br>• classroom objects બતાવી વિદ્યાર્થીઓ સાથે પ્રશ્નોત્તરી કરશે.<br>❖ Teacher: Is it a duster?<br>❖ Student: Yes, it is.<br>❖ No, It isn't.<br>• શિક્ષક ચિત્રની મદદથી Inversion questions અને તેના response નો મહાવરો કરાવશે.<br>❖ This is a book.<br><br>Is this a book? |
| EN308 Wh (who, where, when, what, how many) પ્રશ્નોનાં ટૂંકા જવાબ આપે છે. | • Wh questions and their responses | • શિક્ષક activities દ્વારા wh questions નો મહાવરો કરાવશે.<br>e.g.<br>❖ This is a duster.<br>❖ This is a table.<br>○ Teacher: (ટેબલ બતાવી) What is this?<br>○ Student: This is a table.<br>○ Teacher: (duster ટેબલ પર મૂકી) Where is the duster?<br>○ Student: It is on the table. |
| EN309 લોનવડર્સ સહિત આશરે 50 જેટલા શબ્દો જાણી તેનો ઉપયોગ કરે છે. | • Loan words<br>• Use of familiar words | • શિક્ષક વિદ્યાર્થીઓને લોનવડર્સ તથા અન્ય શબ્દો માટે નીચે જેવી મેમરી ગેઇમ અથવા પ્રવૃત્તિઓ કરાવશે.<br>• સૌ પ્રથમ શિક્ષક pen, button, cell phone, ticket વગેરે લોનવડર્સના |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| | | નામવાળી વસ્તુઓ વિદ્યાર્થીને બતાવી સંતાડી દેશે.<br>• ત્યારબાદ વિદ્યાર્થીઓને વસ્તુઓના નામ યાદ કરવા કહેશે.<br>• આ રીતે અન્ય પ્રવૃત્તિ દ્વારા લોનવર્ડ્સનો મહાવરો કરાવશે. |
| EN310 વસ્તુઓનો નિર્દેશ કરે છે. | • Indicating things<br>• on, in, under, near | • શિક્ષક વિવિધ ફ્લેશકાર્ડના ઉપયોગથી વસ્તુઓની ઓળખ કરાવશે અને મહાવરો કરાવશે.<br>• શિક્ષક વિદ્યાર્થીઓને વસ્તુ નિદર્શન દ્વારા ગેઇમ રમાડશે.<br>e.g.<br>❖ Dusterને અલગ અલગ સ્થાન પર રાખીને તેનો નિર્દેશ કરવા જણાવશે.<br>❖ The duster is on the table. |
| EN311 આભાર માને છે. | • Dialogues<br>• Making requests | • શિક્ષક વિદ્યાર્થીઓની મદદથી વર્ગમાં સંવાદ દ્વારા પ્રવૃત્તિ કરશે.<br>દા. ત.<br>❖ Teacher: Please give me your pen.<br>❖ Student: Here it is.<br>❖ Teacher: Thank you.<br>• આ રીતે વિવિધ અભિવાદનોના ઉપયોગ માટે સંવાદની પ્રવૃત્તિ કરશે.<br>• pair work દ્વારા દૃઢીકરણ કરાવશે. |
| EN312 પોતાના ગમા- અણગમા yes/noથી પ્રદર્શિત કરે છે. | • question pattern: Do you like?<br>• responding in yes/no | • શિક્ષક inversion question થી વિદ્યાર્થીનો ગમો/ અણગમો જાણશે.<br>• વિદ્યાર્થી yes/ no દ્વારા ગમો-અણગમો દર્શાવશે.<br>e.g.<br>❖ Teacher: Do you like milk?<br>❖ Student: Yes.<br>❖ Teacher: Do you like black colour?<br>❖ Student: No.<br>• આ રીતે do you like.....?થી વિવિધ પ્રશ્નો પૂછશે. |

DRAFT

| LEARNING OUTCOMES | LEARNING POINTS | SUGGESTED PEDAGOGICAL PROCESS |
|---|---|---|
| EN313 Rhymes નું ગાન કરે છે. | • Rhymes and Action songs. | • શિક્ષક યોગ્ય આરોહ અવરોહ સાથે વિદ્યાર્થીઓ સમક્ષ rhyme રજૂ કરશે.<br>• ત્યારબાદ અભિનય અને હાવભાવ સાથે rhyme રજૂ કરશે.<br>• Line by line શિક્ષક પોતે ગાઈને વિદ્યાર્થીઓને ઝીલવા કહેશે.<br>• ત્યારબાદ વિદ્યાર્થીઓને અભિનય અને હાવભાવ સાથે rhymes કરાવશે.<br>• વિદ્યાર્થીઓને સમૂહ ગાન તથા વ્યક્તિગત રીતે પણ rhymes નું ગાન કરાવશે.<br>• આ રીતે વર્ગમાં વિવિધ rhymes રજૂ કરશે. |
| EN314 પોતાના ગમા-અણગમા વાક્યમાં રજૂ કરે છે. | • ચિત્રાત્મક રજૂઆત<br>• Inversion questions<br>• Like - dislike | • શિક્ષક બ્લેકબોર્ડ પર નીચેના સંકેતો દોરશે.<br>• ☺ ☹<br>Like Dislike<br>• ત્યારબાદ શિક્ષક વિદ્યાર્થીઓને વિવિધ objects અથવા ચિત્રો બતાવીને ટૂંકા પ્રશ્નો પૂછશે તથા વિદ્યાર્થીઓ પોતાના ગમા-અણગમા ટૂંકા જવાબ દ્વારા વ્યક્ત કરશે.<br>❖ Teacher: (સફરજન બતાવીને) Do you like an apple ?<br>❖ Student: Yes, I Like it.<br>❖ Teacher: Do you like to drink milk?<br>❖ Student: No, I don't like it. |

DRAFT